# એન્ટિરેગિંગ સેલ



ડો.બિજલ આર.મિસ્ત્રી
કન્વીનર

રેગિંગ એ શિક્ષણ ક્ષેત્રનો એક સળગતો પ્રશ્ન છે. પોતાની કારકિર્દીને ઉજજવળ બનાવવા, પોતાના ભવિષ્યને સુરક્ષિત બનાવવા વિદ્યાર્થીઓ કેટલીય આશા અરમાનો સાથે પ્રવેશ મેળવે છે, પરંતુ પ્રવેશ મેળવ્યા પછી ક્યારેક એવી ઘટનાનો સામનો કરવો પડે છે કે જેનાથી ક્યારેક વિદ્યાર્થી પોતાનો જાન ગુમાવી બેસે છે અથવા ડીપ્રેશનનો ભોગ બની જાય છે.

આવી ઘટનાઓ ન ઉદ્ભવે તે માટે સરકારશ્રી અને દરેક યુનિવર્સિટી સજાગ બની એના પરિપાક રૂપે દરેક કોલેજમાં એન્ટીરેગિંગ સેલની રચના કરવામાં આવે છે. અને વિદ્યાર્થીઓનું ભવિષ્ય સચવાય તે માટે સરકારશ્રી ના આદેશથી દરેક કોલેજમાં કડક હાથે કામ લેવાનું સૂચવવામાં આવ્યું, દરેક કોલેજમાં ફરજિયાતપણે આ સેલની રચના કરવાનો આદેશ અપાયોછે.

## <u>આ સેલ વર્ષ દરમ્યાન નીચે જેવી પ્રવૃતિ હાથ ધરે છે.</u>

• પ્રશિક્ષણાર્થીઓ કોલેજમાં પ્રવેશ મેળવે પછી વાલીઓ પાસે અને તાલીમાર્થીઓ પાસે બાંહેધરી પત્ર ભરાવવામાં આવે છે. જેમાં પોતાનો પાલ્ય, કોઇ પણ પ્રકારની કનડગત કોઈ પણ વિદ્યાર્થીને નહિ કરે તેવી બાંહેધરી આપે છે અને વિદ્યાર્થીઓ પણ આ પ્રકારની બાંહેધરી આપે છે.

• સરકાર શ્રીમાંથી જયારે પણ આ સેલની માહિતી માંગે અથવા કોઈ પણ પ્રકારની કાર્યવાહી માટે સૂચવવામાં આવે છે. તમામ બાબતો સત્વરે અમલ કરવામાં આવે છે.

• યુનિવર્સિટીમાં પણ ઓનલાઈન ફોર્મ ભરાવવામાં આવે છે.

• કોઈપણ વિદ્યાર્થી રેગીંગનો ભોગ ના બને તે માટે સતત સજાગ રહી કાર્ય આ સેલ કરે છે. આ ઉપરાંત "રીડ્રેસર સેલ", ની રચના કરી "સજેશન બોક્ષ" ધ્વારા તાલીમાર્થીઓના પ્રશ્નોને જાણીને તેને દૂર કરવાના પ્રયત્ન કરવામાં આવે છે. સજેશન બોક્ષ દર મહિનાના છેલ્લા શનિવારે આચાર્યશ્રી અને વિદ્યાર્થી મંડળના પ્રતિનિધિની હાજરીમાં ખોલવામાં આવે અને જે પ્રશ્નો હોય તેને હલ કરવાના પ્રયત્નો કરવામાં આવે છે. આચાર્યશ્રી, સમગ્ર અધ્યાપક ગણ ધ્વારા પણ આ માટેના પ્રયત્નો સતત થતાં રહે છે.

## <u>એન્ટીરેગિંગ સેલની કમિટીના સભ્યો આ પ્રમાણે છે.</u>

૧. ચેરમેન અને આચાર્ય : ડો.ડી.આર.પરમાર
૨. કન્વીનર : ડો.બિજલ આર. મિસ્ત્રી
૩. મેમ્બર : ડો.વી.એલ.ભાવસાર
૪. જનરલ સેક્રેટરી : હિતેશ્રી ચાવડા, નિલ્શા શાહ
૫. વર્ગ પ્રતિનિધિ : પ્રતિક્ષા રોહિત, સ્વપ્ના પંડિત
૬. કન્વીનર : વિશાખા જાદવ, શ્વેતા ડોડીયા
૭. મેમ્બર્સ : નયના પરમાર, રબારી ધર્મિષ્ઠા, રબારી મનાલી, રાઠોડ જાગૃતિ, પરમાર સુનિતા